

મહાનુભાવોથી શોભતુ ડાયસ



‘હમ પંચોલી હૈ’ ગીતની વિમોચન વેળાએ......



દરેક એકમના પ્રમુખશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય




મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય


શ્રી પંચોલી સેવા સમાજ
મહામંડળ
સંચાલિત


2020

# પંચોલી નવયુગ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સુવર્ણ જયંતિ અધિવેશન સુવર્ણ જયંતિ મહોત્સવ વિશેષાંક**


ફેબ્રુઆરી - ૨૦૧૩
અંક - ૨
વર્ષ ૫૨
સળંગ અંક ૩૯૪

તંત્રી :
દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૩૬મી પૂણ્યતીથીએ
# ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩.૧.૧૯૨૧ અવસાન : ૧૦.૨.૧૯૭૭

॥ स्वेन क्रतुना संवेदत : ॥

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...
કેવળ વાતો ન કરે....
પરંતુ કર્મ કરીને બતાવે...

**અર્પણકર્તા**

**સ્વ. સી. ટી. સ્મારકનિધિ**



સત્ કૈવલસાહેબ

# શ્રદ્ધાંજલિ





## સ્વ. ઉષાબેન હિમાંશુકુમાર ગજ્જર

જન્મ : ૨૬.૫.૬૦ સ્વ. ૧૬.૨.૦૯

ધીરજ આપી, સદાય આપતી રહી, લાગણીની હૂંફ.
રહ્યા અમો યાદ કરતાં, અને ગુમાવી તમારી હૂંફ...
પ્રભુ તમારા આત્માને ચિર: શાંતિ અર્પે એજ
અમારી પ્રાર્થના

**અર્પણકર્તા**

હિમાંશુકુમાર હસમુખલાલ ગજ્જર (ડે.ઈજનેર–S.M.C.)
અનંત હિમાંશુ ગજ્જર

કમલેશ હસમુખલાલ ગજ્જર
ભાવિન વાય. પંચોલી
રીમા કે. ગજ્જર

વંશ ભાવિન પંચોલી

પૂર્ણિમા કમલેશ ગજ્જર
નેહા ભાવિન પંચોલી
રીયા કે. ગજ્જર

૩૦૨, સાંઈલીલા એપાર્ટમેન્ટ, જલદર્શન સોસાયટી,
ઉમરીગર સ્કૂલની બાજુમાં, ઉમરા, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : - ૨૨૫૬૨૫૪(ઘર)
મોબાઈલ :-૯૭૨૪૩ ૪૫૪૫૩

121, Hollydrive, Lavender Grange,
Aylesbury, Buckinghamshire,
HP21 8XS
Ph- +44 (01296) 337959
Cell- +44 7890306564

## શ્રદ્ધાસુમન

## અક્ષરવાસી

# દીપક બાલકૃષ્ણ જરીવાલા

### પ્રથમ પૂણ્યતિથિએ હૃદયાંજલી



**જન્મ : તા. ૩૦-૧-૧૯૬૦ અક્ષરવાસ : તા. ૬-૨-૨૦૧૨**

**હંમેશા આપની સમાજ સેવાની સુવાસ અને સદ્‌ગુણોને યાદ કરી આપના દિવ્ય આત્માને પ્રથમ પૂણ્યતિથિએ હૃદયાંજલી અર્પણ કરીએ છીએ.....**

**અર્પણકર્તા**

શ્રી બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા(પિતા)
શ્રીમતિ પુષ્પાબેન બી. જરીવાલા(માતા)
ગં.સ્વ. યુતિબેન દિપકભાઇ જરીવાલા (પત્ની)
પ્રાયોશા દિપકભાઇ જરીવાલા(પુત્રી)
શ્રી પ્રિયવ્રત ડી. જરીવાલા(પુત્ર)
શ્રીમતિ ઝેનીતા પી. જરીવાલા (પુત્રવધૂ)
ચિ. ધર્માંગ પ્રિયવ્રત જરીવાલા (પૌત્ર)
શ્રી યોગેશભાઇ બી. જરીવાલા (ભાઇ)
શ્રીમતિ અર્ચનાબેન વાય. જરીવાલા (ભાભી)
શ્રી મનિષભાઇ બી. જરીવાલા (ભાઇ)
શ્રીમતિ રશ્મીબેન એમ. જરીવાલા (ભાભી)
શ્રી રાજનભાઇ ટી. મિસ્ત્રી (બનેવી)
શ્રીમતિ રેખાબેન આર. મિસ્ત્રી (બેન)
રીશીતા-સનીષકુમાર, હેમિલ, રૂત્વન, વિકાસ, ઓનિલ-શિલ્પા, અવની
તથા સમસ્ત યોગીરાજ ડેવલોપર્સ પરિવાર

**નિવાસસ્થાન** ગોલ્ડન પાર્ક, ભગવતી આશિષની સામે, અશોક પાન સેન્ટર પાસે, સીટી લાઇટ, સુરત ફોન : ૦૨૬૧ - ૨૨૧૨૩૮૩

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## સમગ્ર પંચોલી સમાજના હિતેચ્છુ
## સમાજ સેવાના હિમાયતી એવા
## દાનવીર



**સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી**

સ્વર્ગવાસ તા. ૧-૨-2013

મહામંડળના આદ્ય સ્થાપકોમાંના એક સમાજના અગ્રગણ્ય દાનવીર તેમજ
પંચોલી સમાજના ભામાશા એવા

**સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી**

નું નિધન પંચોલી સેવા સમાજ મહામંડળને અને સમગ્ર પંચોલી સમાજને હચમચાવી ગયું.
ખરેખર એક શ્રેષ્ઠ દાનવીર ગુમાવ્યો.
સમાજની પ્રગતિ માટે
નિરાધાર વિધવા સહાય, સામાન્ય સભા સહાય અને નિરાધાર સહાયઓમાં
માતબરદાન આપી અને આપતા રહેતા હતા. તેઓ પંચોલી સમાજની પ્રગતિના પ્રણેતા હતા.
પ્રભુને ગમ્યુ તે ખરું...

પ્રભુ એમના આત્માને શાશ્વત સુખની શાંતિ આપે તેમજ એમના કુટુંબીજનો પર
આવી પડેલ અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે એજ સૌની પ્રાર્થના

**અર્પણકર્તા**

ગિરીશચંદ્ર આઈ. ગજજર-પ્રમુખ ભરતભાઈ સી. પંચોલી-મહામંત્રી
તથા ખજાનચીબોર્ડ અને તેના સભ્યો, સંલગ્ન સંસ્થાના અધ્યક્ષ તથા મંત્રીશ્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
તથા સમગ્ર પંચોલી સમાજ

# શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈ

## શ્રધ્ધાંજલી

**સમગ્ર પંચોલી સમાજનું હિત જેમના હૈયે વસેલું હતું એવા શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા-ઉનાઈના અગ્રગણ્ય દાનવીરને શ્રધ્ધાંજલી**



**સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી**
સ્વર્ગવાસ તા. ૧-૨-2013

મહામંડળના આદ્યસ્થાપકોમાંના એક સમાજના
અગ્રગણ્ય દાનવીર મુંબઈના
**સ્વ. જમનાદાસ ભગવાનજી પંચોલી**
એટલે પંચોલી સમાજનો આધાર સ્તંભ, સમગ્ર પંચોલી સમાજનું હિત એમના હૈયે સદાય વસેલું હતું, જ્યારે પણ એમને મળવાનું થતું ત્યારે ઉનાઈ ધર્મશાળા માટે અવશ્ય પૂછપરછ કરતા અને વગર માંગ્યેઆપી દેવાની ભાવના વાળા જમુભાઈનું અવસાન પંચોલી સમાજ માટે મોટો આઘાત છે.....



**સ્વ. દિલીપભાઈ રણછોડભાઈ પંચોલી-ઉનાઈ**
જન્મ : તા. ૧૯-૫-૧૯૫૩
સ્વર્ગવાસ તા. ૧૩-૧-૨૦૧૩

આપની આકસ્મિક વિદાયથી પરિવાર પર આવી પડેલ આપત્તિ આઘાતજનક છે.
પણ ઈશ્વર ઈચ્છા બળવાન છે.
આપની ખોટ સૌને માટે હંમેશા વણ પુરાયેલી જ રહેશે.
આપની શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળાની સેવાને અમે કદી ભુલી શકીએ એમ નથી.
આપનું સદાય હસતુ મુખારવિંદ ભુલી શકાશે નહીં.

આ બન્ને દિવંગત આત્માઓને પ્રભુ મંગલ મંદિરમાં સ્થાન આપે અને આપના કુટુંબીજનો પર આવી પડેલ આપત્તિને સહન કરવાની શક્તિ આપે એજ સૌની પ્રાર્થના

### અર્પણકર્તા

શ્રી મનિષભાઈ એમ. પંચોલી-પ્રમુખ  શ્રી નવિનભાઈ સી. પંચોલી-ઉપપ્રમુખ
શ્રી સુમનલાલ એમ. મિસ્ત્રી-મંત્રી  શ્રી નિતિનભાઈ એમ. ગાંધી-સહમંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ
શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**ફેબ્રુઆરી - ૨૦૧૩**

**પંચોલી નવયુગ**

રજી. નં.: A/1822 ભરૂચ

**પ્રકાશનનું સ્થળ**

૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર મહામંડળ. : શ્રી પંચોલી સેવા સમાજ, બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક | ₹ ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| નવયુગ શુભચિંતક | ₹ ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક કિંમત | ₹ ૫/- |
| વાર્ષિક લવાજમ | ₹ ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ₹ ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ₹ ૨,૫૨૫/- |

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

તા. ૨૩ ડિસેમ્બર-૧૨ના રોજ માણેલ સુવર્ણ જયંતિ અધિવેશન અને સુવર્ણ જયંતિ મહોત્સવ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ૫૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરેલ અધિવેશનોમાં એક સુવર્ણ પિચ્છ સમાન રહ્યું. અધિવેશન સ્થળની ભવ્યતા, સ્ટેજ પોગ્રામનું સ્તર અને તેમાં  શ્રી ગણેશા, નવદુર્ગા નૃત્ય, ગોધરાકાંડ નૃત્ય, બેટી બચાવો થીમ નૃત્ય, રાજસ્થાની ડાન્સ, સોનોરીટા, રેડીયમ નૃત્ય વિગેરે અનેક વિવિધતા ભર્યા અને વિવિધ થીમો દ્વારા રજુ થયેલ દરેક પોગ્રામો...અતિસુંદર..  જાણે મનોરંજનના મહાસાગરમાંથી નીકળતા એક એક મોતી અને તે પણ એક એકથી ચડિયાતા રહ્યાં.... અને આવી ભવ્યતાથી અને આધુનિકતા ભરી હાઈટેક ટેકનોલોજી દ્વારા રજુ થયેલ સંપૂર્ણ કાર્યક્રમની સફળતાનો શ્રેય જાય છે પ્રમુખશ્રી ગીરીશભાઇ, હેમંતભાઇ, અનુભવી સાથીદારો અને તેની ટીમ ને. ફરી કહેવાનું માન થાય કયા બાત હૈ....કયા બાત હૈ...કયા બાત હૈ.....

સુવર્ણ જયંતિ અધિવેશન માણ્યું.... જાણ્યુ... અને આનંદવિભોર બન્યા... હવે આપણું લક્ષ્ય બને છે....વાયબ્રન્ટ પંચોલી સમાજ-૨૦૨૦.

ગુજરાતીમાં એક કહેવત છે...‘નિશાન ચુક માફ, પણ નહીં માફ, નીચુ નિશાન...’ આપણે પણ આપણું લક્ષ્ય ઉંચુ રાખ્યું છે... હવે બરાબરના પ્રયત્નો કરવા મંડી પડવાનું છે....તો જ્ઞાતિજનો તૈયાર છોને...જાન્યુઆરીના અંકમાં આ વિશે વિશેષ માહિતી આપી હતી તે મુજબ આપ સૌએ અનુસરવાનું છે... આ માસમાં એ માટેનું ફોર્મ આપને મળી જશે... અનિવાર્ય સંજોગોને લઈને ગયા માસમાં આ ફોર્મ મોકલી નથી શકયો દરગુજર કરશો....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ, સમાજના દાનવીર એવા બીલીમોરા(મુંબઇ) નિવાસી શ્રી જમનાદાસ ભગવાનજી પંચોલીનું તા. ૧.૨.૧૩ના રોજ અવસાન થતા શ્રેષ્ઠ દાનવીર  તથા સમાજના નભમંડળમાંથી એક તેજસ્વી તારલો ખરી પડયો. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને એમના સ્વજનો પર આવી પડેલ આધાત સહન કરવાની શકિત અર્પે એજ પરમકૃપાળુ પરમાતમાને પ્રાર્થના.

શ્રી પંચોલી સમસ્ત સુથારપંચની ધર્મશાળા-ઉનાઈની વાડીના કર્તાહર્તા શ્રી દિલીપભાઇ રણછોડભાઇ પંચોલીએ આપણી વચ્ચેથી અણધારી વિદાય લીધી...વિદાય આઘાતજનક તો છે જ પણ કુદરત સામે આપણે લાચાર છીએ... એમની કાર્યદક્ષતા અને સુચનોથી ઉનાઇ વાડીની પ્રગતિ કરી શકયા

છીએ...એમની ખોટ અવશ્ય સાલશે... પ્રભુ એમના આત્માને પરમ શાંતિ અર્પે અને કુટુંબીજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના... આશા રાખુ છું કે સ્વ. દિલીપભાઇના સુપુત્રો આ જવાબદારી ઉઠાવી લેશે તો એમને સાચી શ્રદ્ધાંજલી આપી ગણાશે...

અંતમાં
વાદ અને વિવાદ છોડીએ...
ચાલો આપણે સંવાદ સાધીએ..
સ્વાર્થના સૌ સગાવાદ છોડીને...
નિઃસ્વાર્થનો મૈત્રીવાદ સાધીએ..
મારુ અને તારું સૌ છોડીએ..
આપણું સમજી સહુ કામ કરીએ..
જીવનમાં તોફાન છે કયાં ઓછા..?
કે લડી ઝઘડીને વધારો કરીએ...
એકબીજાને ગમતા રહીએ...
ગમતાનો કરીએ ગુલાલ........
શાંત જીવનની મઝા લઇએ..
ચાલો આપણે સંવાદ સાધીએ..

અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી - પંચોલી નવયુગ

---

# પ્રમુખ નોંધ....

વ્હાલા જ્ઞાતિજનો

જ્ઞાતિના બાળકો, યુવાનો, વડીલો, માતાઓ, ભાઇઓ, તથા બહેનો. આપ સૌ કુશળ હશો. છેલ્લા કેટલા સમયથી આપણે તહેવારોના સમયકાળથી પસાર થઇ રહ્યા છીએ. દિવાળીથી ઉતરાયણ સુધી આપણે ઘણી ખુશી અનુભવી એવી જ ખુશી આપના સૌના જીવનમાં કાયમ પ્રાપ્ત થતી રહે એ માટે શુભેચ્છા...

સુરતનના સુવર્ણ જયંતિ અધિવેશન તથા સુવર્ણ જયંતિ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઇને સર્વે જ્ઞાતિજનોએ ખુશી અને આનંદ માણ્યા અને દરેક એકમમાંથી મોટી સંખ્યામાં ડેલીગેશન રજીસ્ટ્રેશન થયા સાથે સાથે ખાસ અધિવેશન માટે જ અહીં ભારત પધારેલા આપણાં એન.આર.આઇ. જ્ઞાતિજનો તેમજ સુરતના જ્ઞાતિજનો ભેગા મળી એક ખાસ સુવર્ણ પળો માણી અને આનંદથી ઝુમ્યા. અને ખુશી વ્યકત કરી એ બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સને ૨૦૦૮ પૈકી ચાર વર્ષે ૨૦૧૨માં સુવર્ણ જયંતિ વર્ષ હોવાથી મોટા એકમ તરીકે શ્રી પંચોલી સેવા સમાજ સુરતને આ અધિવેશન યોજવાની જવાબદારી આપવામાં આવી અને સુરત એકમે સહર્ષ સ્વીકારી આયોજન પૂર્ણ સફળતાપૂર્વક પાર પાડયું. જ્ઞાતિજનોની સેવાનો મોકો મળ્યો એ બદલ ફરીથી સૌનો આભાર..

અધિવેશનના હીડન બેનીફીટ મળે છે એવી માન્યતા છે અને અધિવેશન પછી વેવીશાળના સારા સમાચાર મળતા થાય છે તેમ આ વખતે પણ સારા સમાચાર મળી રહ્યા છે અને હજી મળતા રહેશે અને આવનારી લગ્નની સીઝનમાં વધુને વધુ શુભ પ્રસંગનો આનંદ જ્ઞાતિજનો ઉઠાવી શકશે એવા સંજોગોનું નિર્માણ થઇ રહ્યું છે.

અધિવેશન બાદ સને ૨૦૧૨ની વિદાય અને સને ૨૦૧૩ના વર્ષનું આગમનની ઘડી પણ હર્ષોલ્લાસથી આપણાં દેશમાં ઉજવવામાં આવી. ત્યારબાદ આપણા ગુજરાતી મિત્રોનો ખાસ તહેવાર એટલે મકરસંક્રાંતિ અને આખા ગુજરાતમાં આ તહેવાર ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવે છે. આપણે પતંગ ચગાવતા આનંદ માણતા હોઇએ ત્યારેજ કોઇ આપણો પતંગ કાપવાનાં પ્રયત્ન કરે અને આપણે સજાગ થઇ આપણો પતંગ કાપનારનો જ પતંગ કાપીએ તો કેવો આનંદ મળે ? પરંતુ એ બધા આનંદ ક્ષણભરના હોય છે. ખરેખર તો જીવનમાં સંપ, સંગઠન, એકતા, ઉમદા વિચારો અને નકારાત્મક જીવનશૈલીના પેચ કાપી જીંદગીનો અનેરો આનંદ ઉઠાવવાનો છે. બીજાના પતંગ કાપી ક્ષણભરનો આનંદ કરવા કરતાં અન્યને પણ પ્રગતિ કરાવી તેને મઝા કરાવીએ અને આપણે પણ મઝા લઇએ એજ જીવનની ખરી ખુશી, હોશીયારી અને બાહોશી છે.

વિદ્યાર્થી મિત્રો પરિક્ષાના ભણકારા વાગી રહ્યાં છે. આપ સૌ વાંચનમાં લાગી જઇ મહેનત કરશો અને આવનારી પરિક્ષામાં જવલંત સફળતા મેળવો એવી શુભેચ્છા.. ગુજરાત આર્ટીસ્ટ વિઝ્યુઅલ એસોશીએશન અમદાવાદ યોજીત કાર્યક્રમમાં આપણી જ્ઞાતિના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયપંચોલીએ એન્કરીંગ કરી કાર્યક્રમને શોભાવ્યો અને સમાજને ગૌરવ અપાવ્યું એ બદલ અભિનંદન..

આ બધા ખુશીના મીજાજ વચ્ચે એક દુઃખદ સમાચાર મળ્યા. અને આપણાં સમાજની ઉનાઇ વાડીના વહીવટકર્તા અને ઉનાઇના પ્રેમાળ અને લાગણીશીલ એવા શ્રી દિલીપભાઇનું અકાળે દુઃખદ અવસાન થયું. આ સાંભળી ઘણું દુઃખ થયું. પરમાત્મા એમના આત્માને સદ્દગતિ આપે. અને એમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખદ ઘટનાને સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના. ઉનાઇ એકમ માટે તેમજ આપણા સૌ જ્ઞાતિજનો માટે દિલીપભાઇની કાયમી ખોટ પડશે એક સંનિષ્ઠ સેવાકર્તા આપણી વચ્ચેથી વિદાય લઇ ગયા.. પ્રભુને ગમ્યું તે ખરું.....

અસ્તુ

ગીરીશચંદ્ર આઇ. ગજ્જર-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-શ્રી પંચોલી સેવા સમાજ સુરત-આયોજીત**
**સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજજર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજજર**
**(હસ્તે : પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજજર-શ્રી અનંતકુમાર હિમાંશુભાઈ ગજજર)**

## સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૧૨

# સ્પંદન

## અને સુવર્ણ જયંતિ મહોત્સવ

**તારીખ : ૨૩.૧૨.૨૦૧૨, રવિવાર સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક**
**સ્થળ : પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડીયમ, ઘોડદોડ રોડ, સુરત**

સને ૨૦૦૪માં મુંબઈ ખાતે અને ૨૦૦૬માં વ્યારા ખાતે અને ૨૦૦૮માં રાજપીપલા ખાતે અધિવેશન યોજાયા બાદ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના આયોજન મુજબ અધિવેશન પાલ વિભાગના ફાળે યોજવાનું હતું પરંતુ અનિવાર્ય સંજોગો અનુસાર આ સાયકલ જેવી રીતે ચાલી રહી હતી તે મુજબ છેલ્લો નંબર પાલ વિભાગનો હતો. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પચાસ વર્ષ પૂર્ણ કરી તેની ઉજવણી કરવામાં આવનાર હતી. સને ૨૦૦૯ના ફેબ્રુઆરી માસમાં શ્રી પંચોલી સેવા સમાજ સુરત મુકામે સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની કારોબારી સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને ત્યારે અધિવેશન અને તેના ખર્ચ બાબતની ચિંતા કરી ચર્ચા વિચારણા કરી. અધિવેશન દર બે વર્ષના બદલે ચાર વર્ષે રાખવાનું નકકી કરવામાં આવ્યું. અને ૨૦૦૮ના રાજપીપલાના અધિવેશન પછી ચાર વર્ષ એટલે કે સને ૨૦૧૨ જે મહામંડળનું સુવર્ણ જયંતિ વર્ષ તરીકે મોટા એકમ તરીકે સુરતમાં યોજવાનું નકકી કરી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળે શ્રી પંચોલી સેવા સમાજ સુરતને જવાબદારી આપી, અને સુરત એકમના પ્રમુખ તરીકે શ્રી ગિરીશચંદ્ર ગજજરે આ જવાબદારી સ્વીકારી. અને તે માટે તૈયારી બતાવી. આ રીતે સુવર્ણ જયંતિ અધિવેશન સુરત ખાતે યોજવાનું નકકી કરવામાં આવ્યું. સુરત એકમ માટે આ જવાબદારીની સાથે શ્રી પંચોલી સેવા સમાજ સુરતને પણ ૧૯૬૨ થી ૨૦૧૨ના ૫૦ વર્ષ પૂર્ણ કરી તેની સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી પણ સાથે કરવાની બેવડી જવાબદારી આવી. સુરત એકમે ઉત્સાહથી આ જવાબદારી સ્વીકારી અને પૂર્ણ આનંદમય વાતાવરણમાં અત્યાર સુધીના કોઈપણ અધિવેશન કરતાં સૌથી વધુ હાજરી વચ્ચે આ પ્રસંગને અકલ્પનીય અને અદ્દભુત આયોજન કરી સફળતા પૂર્વક પાર પાડયો. હાજર રહેનાર દરેક મંત્રમુગ્ધ થઈ સુરત એકમના ટીમ વર્કને વખાણી અને સફળ થવાના અભિનંદન આપતાં આપતાં ખુશી વ્યકત કરતાં હતાં. ખરેખર સુવર્ણ જયંતિ અધિવેશન સ્પંદન અને સુવર્ણ જયંતિ મહોત્સવ તેના નામ પ્રમાણે સુવર્ણ અક્ષરે ઈતિહાસમાં લખાશે. અને અધિવેશન અંગે સ્થળ તેમજ લાઈટીંગ, સાઉન્ડ, બેઠક વ્યવસ્થા અંગે પૂર્ણ સંતોષ વ્યકત કરી ધન્યતા અનુભવી રહ્યા હતાં. જમણવારમાં ખૂબ વખાણ થયા. કારણ કે સુરતનું જમણ અને કાશીનું મરણ કહેવત ખરેખર યોગ્ય જ છે. તે સુરત એકમે સાબિત કરી બતાવ્યું.

આ સુવર્ણ જયંતિ અધિવેશનમાં દરેક એકમોના સભ્યો હાજર રહી ભાવવિભોર થયા અને આ અંગે ડોનેશન ફીની રકમ અંગે પાલ વિભાગના સભ્યો કહી રહ્યા હતાં કે તમારા સ્થળ અને આયોજન મુજબ ફકત રૂા. ૧૫૦/-ની ડેલીગેશન ફી ઓછી છે. આ વાતાવરણ અને આ સ્થળે જે એશિયામાં બીજુ સ્થાન ધરાવે છે તે સ્થળે અધિવેશનનું આયોજન જ દાદ માંગી લે એવું છે. અધિવેશનમાં નીચે મુજબના એકમો સહભાગી થયા. જેમાં મુંબઈ-૧૦૭, વાપી-સેલવાસ-ભિલાડ-૩૫, બીલીમોરા-૩૪, નવસારી-૫૩, બારડોલી-૩૬, વ્યારા-૩૦૪, નવાપુર-૩૩, અજરાઈ-૧૭, ગણદેવી-૧૯, અંકલેશ્વર-૭૭, વડોદરા-૧૪૫, અમદાવાદ-૧૨, રાજપીપલા -૪૮, ઉનાઈ-૧૪, નસવાડી-૮, કવાંટ-૪૭, તેજગઢ-૩૧, છોટાઉદેપુર-૨૪, પાવી-જેતપુર-૨૦, સંખેડા-૧૯, બહાદરપુર-૨, ચાંદોદ-૧૪, પાનવડ-૧૨, હાલોલ-૧, જબુગામ-૪, સાથે સાથે યુ.કે સમાજ, કેનેડા, અમેરીકા, દુબઈ અને સુરતના જ્ઞાતિજનો પણ મોટી સંખ્યામાં જોડાયા અને આંકડો લગભગ કુલ ૨૭૦૦ જેટલો થયો. અને અદ્દભુત નજારો રચાયો. સૌથી અગત્યની વાત એ પણ છે કે આ આખા આયોજનમાં સુરત એકમ પોતાના એકમના જ વ્યકિત કે સુરત એકમના જ સભ્યો મારફત સુવેનિયરની જાહેરાત તેમજ દાન-ભેટ મેળવવા ખૂબ જ સફળ રહ્યા. રૂા. ૧૯,૦૦,૦૦૦ જેટલી રકમ ફકત અને ફકત છેલ્લા ૧૦૦ દિવસમાં ભેગી કરી શકયાં. સુરત એકમ તેની જવાબદારી અને શકિતનું દર્શન કરાવી શકયા અને એક અદ્વિતીય અને અજોડ આયોજન સફળતાપૂર્વક પાર પાડી શકયા. શાબાસ સુરતના જ્ઞાતિજનો

શ્રી મુંકુંદલાલ હિરાલાલ પંચોલી વડોદરા શ્રી બાબુલાલ રામદાસ મયારા વડોદરા



સ્વાગત પ્રવચન
સંયોજક હેમંત મિસ્ત્રી



મહામંડળના પ્રમુખશ્રી
ગિરીશચંદ્ર ગજ્જરનું ઉદ્દબોધન



અતિથિ વિશેષશ્રી
અશોકભાઇ મિસ્ત્રીનું ઉદ્દબોધન



અધિવેશન નામકરણ-અર્પણકર્તા
ના પ્રતિનિધિ અનંત ગજ્જર

શાબાસ. 'મુદય લાખ બુરા ચાહે તો કયા હોતા હૈ, વહી હોતા હૈ જો મંજુરે ખુદા હોતા હૈ' સારા આયોજન, સારા વિચારો, સંપ, સંગઠન અને શકિત યોગ્ય રીતે વાપરીએ તો દરેકનું કલ્યાણ થાય. પરંતુ આજ શકિત જો ખોટી દિશામાં જાય તો પોતાનો અહં તો ચોકકસ સંતોષાય પરંતુ અન્યનું અહિત કરતાં કરતાં પોતાનું અહિત થઇ જાય..કાળજી રાખો અને સભાનતા પૂર્વક આગળ વધો. ભગવાન રામને પણ અશ્વમેઘ યજ્ઞમાં વિઘ્નો નડયા હતાં. આપણે તો સામાન્ય મનુષ્ય છે. ભગવાનની નિંદા કરનારા પણ હોય તો આપણી કોઇ પ્રસંશા જ કરે એ આશા વધારે પડતી છે. આપણે આપણું કર્મ કરો. ચોકકસ સફળતા મળશે જ.

ખરેખર ર૩.૧ર.૧રની તારીખના છ મહિના પહેલા ભંડોળ એકત્ર થશે કે કેમ ? મનમાં ચિંતા હતી. અને આ આયોજન મોકુફ રાખવું પડે તેવી પરિસ્થિતિ હતી, પરંતુ સુરતના હોનહાર શ્રી કમલેશભાઇ હસમુખલાલ ગજ્જરે હિંમત આપી અને આગળ વધવા માટે અમારી સાથે રહીને આયોજન પૂર્વક આગળ વધવા માટે તૈયારી બતાવી અને સાથે હેમંતભાઇ મિસ્ત્રી અને મુકેશભાઇ કનૈયાલાલ પંચોલી મને કહી રહ્યા હતા કે ગિરીશભાઇ તમે આગળ વધો અમો તમારી સાથે જ છીએ.. બસ આ રીતે સુરત એકમના યુવાનો અને મહિલાઓના સાથ સહકારથી એક સફળ આયોજનના શિલ્પી બનવાનો મોકો મળ્યો. સાથે આયોજનમાં ધવલભાઇ પંચોલી, નિશિકાંતભાઇ મિસ્ત્રી, ઉમેશભાઇ પંચોલી, મંત્રીશ્રી જતિનભાઇ પંચોલી, સુરતના ખબરપત્રી રાજેશ પી. ગાંધી, દિપકભાઇ ગાંધી, ચંદ્રકાંતભાઇ રૂવાલા, અશ્વિનભાઇ પંચોલી, હેમંત દિલીપભાઇ પંચોલી, ભદ્રેશ ગજ્જર, મનોજ ગજ્જર, મોરલીભાઇ ઝવેરીનો વિશેષ સાથ સહકાર મળ્યો. એબદલ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

છેલ્લા ૪ વર્ષથી જે આયોજનની જવાબદારી સ્વીકારી અને તે માટે ચિંતન મનન કરી આતુરતા પૂર્વક જેની રાહ જોઇ રહ્યા હતાં તે દિવસ ર૩.૧ર.ર૦૧ર એટલે સુવર્ણ જયંતિ અધિવેશન-ર૦૧ર 'સ્પંદન' અને સુવર્ણ જયંતિ મહોત્સવ. આ દિવસ આવતા પહેલા તા. ર૧.૧ર.૧રની અફવા ભરી આગાહી હતી કે ર૦૧રની ર૧મી તારીખે દુનિયાનો પ્રલય થવાનો હતો એ પણ ચિંતાનો વિષય હતો પરંતુ સુરતના કવિ નર્મદ કહેતા કે 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' અને એ યુકિત મગજમાં લઇ હામ ભીડી અને આવ્યો સુર્વણ જયંતિનો સુવર્ણ અવસર. અને મન સુવર્ણમયી કરીને સ્વાગત કરી એશિયામાં બીજુ સ્થાન ધરાવતા પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઇનડોર સ્ટેડિયમમાં આ ઉત્સવ ઉજવતા સોનેરી પળો વિતાવવા સર્વ પંચોલી જ્ઞાતિના જ્ઞાતિજનો હાજર થયા. ૩૦ × ૫૦ ફુટનો મોટો સ્ટેજ અને સ્ટેજની પાછળ સુંદર સજાવટ તેમજ એરકંડિશન સ્ટેડીયમ અને સુંદર બેઠક વ્યવસ્થા તેમજ સુંદર લાઇટ સાઉન્ડનું આયોજન સાથે સ્ટેજની બન્ને બાજુ વિશાળ જીવંત પ્રસારણ માટેના મોટા મોટા બે સ્ક્રીન આખા સ્ટેડીયમમાં તમો કયાંય પણ હો તમને કાર્યક્રમ જોવાની અને પોતે પ્રત્યક્ષ આનંદ ઉઠાવી શકાય એવી વ્યવસ્થા. સ્ટેડીયમમાં દાખલ થતાં પહેલાં પ્રવેશદ્વાર મારફત પ્રવેશદ્વારમાં દાખલ થઇ બાજુમાં આવેલા વિશાળ હોલ અને તેના ગ્રાઉન્ડ પર કરેલી વ્યવસ્થા મુજબ ગરમ ગરમ સુરતી લોચો અને ચ્હા-કોફીની મઝા માણી સ્ટેડીયમની અંદર દાખલ થતાં જ એરકંડીશન અને આલ્હાદક વાતાવરણ અને કંઇક નવી દુનિયામાં પ્રવેશી રહ્યાનો એહસાસ અને સમય મુજબ ૯.૧૫ કલાકે કયર્યક્રમની શરૂઆત માટે બધા ઉત્સુકતાથી રાહ જોઇ પોતાનું સ્થાન શોભાવી રહ્યાં હતાં અને સમયસર કાર્યક્રમ શરૂ થયો.



વિઝન-૨૦૨૦ની રજુઆત કરતા
ડૉ. મહેશભાઇ મિસ્ત્રી



દેવા શ્રી ગણેશા.....સુરતના કલાકારો

કાર્યક્રમની શુભ શરૂઆતમાં નાનાં ૯ બાળકોએ ગણેશવંદના કરી શુભારંભ કર્યો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પ્રવકતા તરીકે સુરત એફ.એમ. ઓલ ઈન્ડિયા રેડીયોના કલાકાર શ્રીમતિ સંગીતાબેન બલસારાએ સ્ટેજ પર બિરાજવા મહામુભાવોને આમંત્રણ આપવાનું શરૂ કર્યુ. સૌ પ્રથમ પંચોલી સેવા સમાજ મહામંડળ અને શ્રી પંચોલી સેવા સમાજ સુરતના પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર ગજ્જરને આમંત્રણ પાઠવ્યું અને તેમણે સ્થાન ગ્રહણ કર્યુ. અધિવેશન નામકરણ અને અર્પણકર્તા શ્રી હિમાંશુભાઇ ગજ્જર, શ્રીમતિ પૂર્ણિમાબેન અને શ્રી કમલેશભાઇ ગજ્જર ઉપસ્થિત થયા. અધિવેશનના પ્રમુખ તરીકે સ્વ. દિપકભાઇ જરીવાલા સુક્ષ્મ સ્વરૂપે અને તેમના પિતાશ્રી બાલકૃષ્ણ સાકરલાલ જરીવાલા પ્રત્યક્ષ સ્વરૂપે ઉપસ્થિત થયા. અધિવેશનના અતિથિવિશેષ શ્રી અશોકભાઇ મિસ્ત્રી(લેસ્ટર યુ.કે.) શ્રી અશ્વિનભાઇ ઝવેરી-મુંબઇ, ગં.સ્વ. નિર્મળાબેન મારફતીયા-સુરત, શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી-સુરત, શ્રી પરેશભાઇ પંચોલી-દુબઇ અને શ્રી સુરેશભાઇ છાપાવાલા-સુરતને આમંત્રણ આપતા શ્રી ગિરીશભાઇએ આવકાર્યા. અધિવેશન સંયોજક-પ્રમુખશ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ-ચેરમેન વેબસાઇટ કમીટી મહામંડળ-સભ્યશ્રી ખજાનચી બોર્ડ મહામંડળ, મહામંડળના સી.ટી.સ્મારક નિધિના માજી અધ્યક્ષ- પંચોલી નવયુગના માજીતંત્રીશ્રી હેમતભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ઉપપ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલી-વ્યારા, મહામંત્રીશ્રી ભરતભાઇ પંચોલી-વ્યારા, સહમંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલી-રાજપીપલા, ખજાનચીબોર્ડના અધ્યક્ષશ્રી ડૉ. મહેશભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર, ખજાનચીબોર્ડના સભ્ય શ્રી સુમનભાઇ મિસ્ત્રી-વ્યારા, શ્રી મધુસુદનભાઇ પંચોલી-વડોદરા, શ્રી ચેતનભાઇ પંચોલી-ભરૂચ, પંચોલી નવયુગના તંત્રી શ્રી દિનેશભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર, શ્રી પંચોલી સેવા સમાજ સુરતના મંત્રી શ્રી જતિનભાઇ પંચોલી, શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચના મંત્રીશ્રી દક્ષયભાઇ ગજ્જર, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થા તબીબી સેવા સંકુલના અધ્યક્ષા ડૉ. પદમાબેન પંચોલી-વડોદરા, મંત્રીશ્રી શ્રીમતિ શોભાબેન મિસ્ત્રી-બીલીમોરા, સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષશ્રી મનિષભાઇ પંચોલી-વ્યારા, મંત્રીશ્રી નવિનભાઇ પંચોલી-વ્યારા, સી.ટી.સ્મારકનિધિના અધ્યક્ષશ્રી દિપકભાઇ ગાંધી-સુરત, મંત્રીશ્રી અશ્વિનભાઇ પંચોલી-સુરત, વેબસાઇટ કમિટીના ચેરમેન શ્રી હેમંતભાઇ મિસ્ત્રી-સુરત, કો-ચેરમેન ધવલભાઇ પંચોલી-સુરત, મહામંડળ મહિલા જગતના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન પંચોલી-વ્યારા, મહામંડળ યુવા સંગઠન સમિતી(સ્વયંમ)ના અધ્યક્ષા કુ. મૃદૃતા મિસ્ત્રી-સુરત, શ્રી પંચોલી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ હેમલતાબેન છાપાવાલા-સુરત, શ્રી પંચોલી યુવક મંડળ સુરતના પ્રમુખ શ્રી પિંકલભાઇ પંચોલી-સુરતને આમંત્રણ આપતા ડાયસ પર બિરાજમાન થયા હતા. અમુક હોદ્દેદારો સંજોગો અનુસાર ગેરહાજર રહ્યાં હતાં.

પ્રવકતા તરફથી દરેક એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી તેમજ દરેક એકમના મહિલા મંડળના પ્રમુખશ્રી/મંત્રીશ્રીને તેમના સ્થાને બિરાજમાન થવા તેમજ તેમનું હાર્દિક સ્વાગત શબ્દોથી કર્યુ. મહેમાનોનું સ્વાગત કરવાનો અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કુ. નંદીની ધવલ પંચોલી અને કુ. વિશ્વા કેતન ગજ્જરે સુંદર સ્વાગત ગીત રજુ કરી મહેમાનોનું સ્વાગત કર્યુ. સ્વાગત ગીત દ્વારા સ્વાગત કર્યા બાદ હાજર રહેલ દરેક સભ્યોનું સ્વાગત કરવા પ્રમુખશ્રી ગિરીશભાઇ ગજ્જરને અનુરોધ કરતા પ્રમુખશ્રી ગિરીશભાઇ ગજ્જર અને તેમની ટીમના સભ્યો દ્વારા દરેકનું ગણેશજીની મૂર્તિનો મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. સાથે સાથે દરેક મહાનુભાવોનો ટુંકો પરિચય પણ આપવામાં આવ્યો.

નવયુગ શુભચિંતક શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા વડોદરા શ્રી કમલેશભાઈ મણીલાલ પંચોલી વડોદરા

હવે સમય થયો છે મહાનુભાવો તથા હાજર રહેલ દરેક એકમના પ્રમુખશ્રીઓ દ્વારા દીપ પ્રાગટયનો. પ્રવકતા તરફથી દરેક મહાનુભાવો તથા એકમના પ્રમુખશ્રીનો પરિચય અપાતો ગયો સાથે સાથે બન્ને વિશાળ સ્ક્રીન પર દીપ પ્રાગટયનો કાર્યક્રમ સુંદર રીતે પાર પડયો. અધિવેશન સંયોજક શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ સ્વાગત પ્રવચન કરવા આવ્યા તે દરમ્યાન પ્રવકતા તરફથી તેમનો ટુંકો પરિચય આપવામાં આવ્યો. શ્રી હેમંતભાઇએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે સમગ્ર કાર્યક્રમની તેમજ સુરત એકમના પ્રમુખશ્રી તરફથી આ અધિવેશનની તૈયારી કઇ રીતે કરી અને આ મહત્વનું પણ મુશ્કેલી ભરી પરિસ્થિતિમાં કાર્યક્રમ સફળ બનાવવા માટેની માહિતી આપી. શ્રી પ.સે.સ. સુરત તથા શ્રી પં.સે.સ. મહામંડળના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ઇશ્વરલાલ ગજ્જરની ઓળખાણ સુરતમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા બાલા સાહેબ ઠાકરે તરીકે આપતા જણાવ્યું કે અમારા ગિરીશભાઇના કાર્યમાં, વાતમાં પ્રામાણિકતા છે. સચ્ચાઇનો રણકો છે. અને જે કંઇ રજુઆત કરવાની હોય તે સ્પષ્ટ અને ધારદાર રજુઆત કરનારા છે. તેમની સાચી વાત સાંભળનારા પણ છે. તેમનામાં રહેલી નૈતિકતા અને હિંમત તથા ધીરજ અને ખંતને કારણે શ્રી પં.સે.સ. સુરત એકમ દ્વારા ઘણાં સફળ કાર્યક્રમો થયા છે. અને જેમ ડો. મહેશભાઇ મિસ્ત્રી દ્વારા સુષુપ્ત અવસ્થામાં રહેલું મહામંડળ ચેતનવંતુ બન્યું. તેમ અમારા ગિરીશભાઇ દ્વારા શ્રી પં.સે.સ. સુરત એકમ પણ ચેતનવંતુ બન્યું. સાથે સાથે મહામંડળમાં પણ ક્રાંતિકારી કાર્યો કરવા તેમજ નિર્ણયો કરવા માટે તેઓ નીડર અને લાગણીશીલ પણ છે. સુરત એકમ તેમનો આભાર વ્યકત કરે છે.

સંયોજકશ્રી હેમંતભાઇના આવકારદાયક સ્વાગત પ્રવચન બાદ શ્રી પં.સે.સ.મહામંડળના તેમન શ્રી પં.સે.સ.સુરતના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરે તેમના ટુંકા અને મુદ્દાસરના વ્યકતવ્યમાં સૌના સ્વાગત સાથે અધિવેશન કઇ રીતે પાર પડયું તેની માહિતી આપી સુરત એકમને કઇ રીતે ચેતનવંતુ બનાવ્યું તેની જાણકારી આપી. સમાજની સેવા કરવાની સુંદર તક આપી તે બદલ સમગ્ર પંચોલી સમાજનો આભાર માની ઐતિહાસિક અને અદ્દભુત એવા સુંદર આયોજનનો આનંદ ઉઠાવવા અપીલ કરી હતી. સાથે સાથે ખૂબ મઝાની પંકિત ‘જબ કોઇ બાત બીગડ જાયે...તો દેના સાથ મેરા...’ ઉચ્ચારી વકતવ્ય પુરું કર્યુ હતું.

અતિથિવિશેષશ્રી અને એન.આર.આઇ શ્રી અશોકભાઇ મિસ્ત્રી, અધિવેશનના નામકરણ અને અર્પણકર્તાના પ્રતિનિધિશ્રી અનંત હિમાંશુ ગજ્જર દ્વારા જ્ઞાતિજનોના હિતાર્થે સુંદર રજુઆત કરવામાં આવી અને યુવાનોને અભ્યાસમાં ધ્યાન આપી પ્રગતિ કરવાની સમજણ આપી.

સુવર્ણ જયંતિ અધિવેશન અને સુવર્ણ જયંતિ મહોત્સવની સુવર્ણ ઘડી જયારે માણતાં હોઇએ ત્યારે દરેકને એક આશા હોય કે આજની શુભ ઘડીમાં મનોરંજન કાર્યક્રમતો હોવા જ જોઇએ અને આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુકુળ કાર્યક્રમ થાય તેવી અમારી સુચનાને માન આપી સુરત તેમજ અન્ય એકમ દ્વારા જે કંઇ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થવાના હતાં તે અતિ સુંદર અને મનને મોજ કરાવનારા હતાં. અને તેની સુંદર શરૂઆત થઇ સુરતના યુવાનો દ્વારા અગ્નિપથની ગણેશ વંદનાના રૂમઝુમતા તાલે, એક પછી એક સુંદર કૃતિઓ રજુ થઇ અને આખુ સ્ટેડીયમ મંત્રમુગ્ધ થયું. જેમાં કૃષ્ણ-ગોપી ડાન્સ, રાજસ્થાની લોકગીત, ઝુબી ઝુબી-૩ ઇડીયટ, દેખો નસેમે સારા જહાં, સેનોરીટા જેવી લગભગ ૪૦ કૃતિ રજુ થઇ સાથે સાથે અંતાક્ષરી, ડીબેટ અને વ્યકતવ્ય જેવા કાર્યક્રમો પણ રજુ થયા. આ તમામ કાર્યક્રમો સુરત, ગણદેવી, છોટાઉદેપુર, અંકલેશ્વર, બીલીમોરા, બારડોલી, અજરાઇ, મુંબઇ, સેલવાસ એકમો દ્વારા રજુ થયા. અંતાક્ષરી, ડીબેટ અને ફેશન શોમાં પણ યુવાનો મન મુકીને ભાગ લઇ ખુશ થયા અને સૌને ખુશ કર્યા.

આખા અધિવેશનમાં ધ્યાન ખેંચે એવું પંચોલી સમાજનું ગીત હતું. જેની સુંદર રચના જબુગામના શ્રી નટુભાઇ પંચોલી દ્વારા કરવામાં આવી ત્યારબાદ આ ગીતનું સ્ક્રીન ઉપર પ્રેઝન્ટેશન કરવા માટે ગીતના શબ્દોની સાથે અનુરૂપ બાબતો કે હૃદયોદ્દાદ માંગી લે એવી રીતે સુરતના શ્રી ધવલ જયંતિલાલ પંચોલીએ કંડારી ફિલ્મી કરણ કર્યુ હતું..અને ગાયક હતા સુરતના ધર્મેન્દ્રભાઇ કનૈયાલાલ પંચોલી.. જેમા વિતેલા ૫૦ વર્ષના પાયાના કાર્યકરો તેમજ મહામંડળના સ્થાપકો, બંધારણના ઘડવૈયા સહિત ઘણી બધી બાબતો જે આજના જ્ઞાતિજનો અજાણ હોય એવી માહિતી આ ગીતમાં શબ્દોની સાથે સુંદર રજુઆત કરવામાં આવી. અને મહામંડળને સુવર્ણ જયંતિ અધિવેશન પ્રસંગે સુરત એકમ દ્વારા અર્પણ કરવામાં આવી. અને શરૂઆતથી અત્યાર સુધીની મહત્વની યોજના તેમજ પ્રસંગોને તેમજ વ્યકિતઓને આવરી લઇ મહામંડળને પ્રગતિ દાયક બનાવવા પ્રયત્ન કરવામાં આવ્યો.

બીજી ખાસ બાબત સુરત ખાતે છેલ્લા ૫૦ વર્ષથી શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત અને શ્રી પંચોલી સેવા સમાજ સુરત એમ બે સંસ્થા ચાલતી હતી, સમયને અનુરૂપ અને સૌનો સાથ અને સૌનો વિકાસને સાર્થક કરવા બન્ને સંસ્થાના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા શ્રી ગિરીશભાઇ

ગજ્જર દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા. સુરતના તમામ જ્ઞાતિજનો એકતાથી, સંપથી, સંગઠનથી, મજબુત થાય, પ્રગતિ કરે તે માટે બન્ને સંસ્થા એકબીજામાં વિલીનીકરણ થઇ અને હવેથી સુરત એકમ તરીકે મહામંડળમાં શ્રી પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત રહેશે. આ એકાકીકરણ પ્રસંગની જાહેરાત અધિવેશનના મંચ ઉપરથી કરવામાં આવી અને સૌના લાગણીસભર અભિનંદન પ્રાપ્ત થયાં.

ત્યારબાદ આ ઐતિહાસિક પ્રસંગે એક યાદગાર અને ચિરઃસ્મરણિય સુવેનિયર બહાર પાડવા માટે નકકી કરાતા આ સુવેનિયરની વિમોચન વિધિ કરવામાં આવી. અને આ સુવર્ણ જયંતિ અધિવેશન અને સુવર્ણ જયંતિ મહોત્સવને એક ચિરઃસ્મરણિય યાદગાર પ્રસંગ તરીકે કંડારી લેવામાં આવી. ઉપરોકત બધા કાર્યક્રમો રજુ થતા ગયા અને મોટી સંખ્યામાં હાજર રહેલા જ્ઞાતિજનો દરેક કાર્યક્રમોને ખુશીથી વધાવતા ગયા. સાંજે લગભગ ૫.૩૦ કલાકે સમયસર સહમંત્રીશ્રી ધવલભાઇ પંચોલી દ્વારા આભાર વિધિ કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રગીત જનગણમન..રજુ થયું. ત્યારે પણ સ્ટેડીયમમાં મોટી સંખ્યામાં હાજરી હતી. અને બધા જ્ઞાતિજનો રાષ્ટ્રગીતને માન આપી પોતાના સ્થાન પર ઉભા થઇ રાષ્ટ્રગીત ગાયું અને આ રીતે આ સુંદર ઐતિહાસિક કાર્યક્રમ સવારે ૯ થી સાંજે ૬ દરમ્યાન ચાલ્યો. સમગ્ર કાર્યક્રમ દરેકે ધ્યાનથી જોયો અને ભરપુર આનંદ માણ્યો. બપોરનું જમણ તેમજ સાંજે ચ્હા-કોફી નાસ્તાનો આનંદ માણવાનું પણ મન ન થાય એ રીતે હોલમાં હાજરી સતત રહી. અને તે છતાં પણ કાર્યક્રમ જોતાં જોતાં ઘણી વ્યકિતઓએ બપોરનું જમણ અને સાંજનો નાસ્તો તથા ચ્હા-કોફીની લિજ્જત માણી કારણ કે રસોઇ વ્યવસ્થાની જગ્યાએ પણ એક સુંદર મોટું એલ.સી.ડી. ટીવી રાખવામાં આવ્યું હતું. અને હોલમાં એરકંડિશન હોવાને કારણે તેમજ હોલની સાઉન્ડ પ્રુફ વ્યવસ્થાને કારણે સમગ્ર કાર્યક્રમની મઝા તેમજ આનંદ અનેરો હતો. કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઇ અને જતાં જતાં દરેક વ્યકિત અમને અભિનંદન આપતાં હતાં. અમારો ઉત્સાહ વધારતા અને અમને અમારી મહેનતનું સારું પરિણામ મળતા ખુશી વ્યકત કરતાં અતાં. આભાર સૌને..

શ્રી પંચોલી સેવા સમાજ સુરત એકમ દ્વારા આયોજનમાં વિશિષ્ટ આકર્ષણ - તબીબી ચેક અપ તથા યુવા પરિચય મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ બન્ને કાર્યક્રમો ડો. મહેશભાઇ મિસ્ત્રીની આગેવાની હેઠળ ખૂબ જ સુંદર રીતે સફળ રહ્યાં. ડો. મહેશભાઇ સાથે સુરતના શ્રી જનકભાઇ પંચોલી, શ્રી ધવલભાઇ પંચોલી, શ્રી યોગેશભાઇ જરીવાલા, યોગેશભાઇ મિસ્ત્રી તથા અંકલેશ્વરના ડો. પ્રવિણભાઇ ઠાકોર તેમજ અન્ય કાર્યકરોની સેવા પણ પ્રસંશાને પાત્ર રહી.

**શ્રી પંચોલી સેવા સમાજ આભાર માને છે.....**

સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન અને કોર્પોરેશનની સ્ટેન્ડીગ કમિટી તથા અધ્યક્ષશ્રી ભીમજીભાઇ પટેલ તથા જાહેર બાંધકામ સમિતીના ચેરમેનશ્રી રાકેશભાઇ માળી તથા હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મનોજભાઇ લોટવાલાનો તેમજ શ્રી કાંતિભાઇ ભંડેરીનો....

એશિયાના બીજા નંબરના ઇનડોર સ્ટેડીયમમાં કાર્યક્રમ ત્યારે જ થઇ શકયો કે સુરત મ્યુ. કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીએ ઇનડોર સ્ટેડીયમના ભાડામાં ૬૦% જેટલી મોટી રકમનું ડિસ્કાઉન્ટ કરી આપ્યું તથા સુમન સાંસ્કૃતિક ભવન પણ વિના મૂલ્યે ફાળવ્યું...તે બદલ

સુરતના શ્રી ભદ્રેશભાઇ નવીનભાઇ ગજ્જરનો વિશેષ આભાર માને છે કે તેમના થકી લાઇટ/સાઉન્ડ/વીડીયોગ્રાફી /ફોટોગ્રાફી ખાસ ઓછી કિંમતમાં પેકેજ નકકી કરાવવા બદલ...

આ કાર્યક્રમ માટે અધિવેશન નામકરણ અર્પણકર્તા શ્રી શ્રી કમલેશભાઇ તથા શ્રી હિમાંશુભાઇ ગજ્જરનો..

અધિવેશન પ્રમુખ તરીકે સ્વ. દિપકભાઇ બાલકૃષ્ણ જરીવાલા પરિવારનો...

અતિથિવિશેષ તરીકે શ્રી અશોકભાઇ મિસ્ત્રી, શ્રી અશ્વિનભાઇ ઝવેરી, શ્રી ગં.સ્વ. નિર્મળાબેન મારફતીઆ, શ્રી રાજેન્દ્રભાઇ મિસ્ત્રી શ્રી પરેશભાઇ પંચોલી, શ્રી સુરેશભાઇ છાપાવાલા તેમજ સુવેનિયર સ્પોન્સર, ભોજન સ્પોન્સર તથા નાસ્તા સ્પોન્સર, ચ્હા-કોફી સ્પોન્સર, મનોરંજન સ્પોન્સર, તેમજ નાના મોટા દાતાઓનો કે જેમણે દિલ ખોલીને ફંડ આપ્યું...

ટુંકા સમયમાં રૂા. ૧૯ લાખ જેટલી રકમનું ફંડ એકત્ર થયું અને ઓછો ખર્ચ કરી રૂા. ૧૦ લાખ જેવી બચત થઇ શકે એવી પરિસ્થિતિનું આયોજન કરવા બદલ...

શ્રી શૈલેષભાઇ ચોબેનો કે જેમણે અધિવેશન અંગે સુવેનિયરની ૭૫૦ કોપી ઓછા મૂલ્યે છાપી આપવાની તૈયારી બદલ...

સમાજની વ્યકિત જયારે આપણાં સમાજના હિતમાં વિચારી શકે તો શું આપણે આપણા સમાજ માટે હિતવર્ધક વિચારો કેમ ન કરી શકીએ ? ધન્યવાદ શ્રી શૈલેષભાઇ અને શ્રી શૈલેષભાઇનો સંપર્ક કરવનાર નિશિકાંત મિસ્ત્રી તેમજ હેમંત મિસ્ત્રીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરતાં ગર્વની

લાગણી અનુભવી રહ્યો છું. શ્રી પંચોલી સેવા સમાજ સુરતના જ્ઞાતિજનો કે જેમણે તન-મન અને ધનથી મને સહકાર આપવા બદલ... અને કાર્યક્રમને સફળ બનાવવા બદલ...

શ્રી પંચોલી સેવા સમાજ સુરતના આયોજન સુવર્ણ જયંતિ અધિવેશન અને સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે મહામંડળના ૨૦માં અધિવેશન પ્રસંગે શરૂઆતથી દરેક પાસે સૂચનો મંગાવવામાં આવ્યા હતાં. પરંતુ કોઈપણ સૂચન આવ્યા ન હતાં. તે છતાં અમારા આયોજનમાં કંઇ પણ જાણે અજાણ્યે ભુલ થઇ હોય, આગલે દિવસે ઉતારામાં તેમજ અધિવેશન દિવસે નાસ્તા તથા જમણવાર સમયે કે સાંજના નાસ્તા સમયે સમગ્ર દિવસ દરમ્યાન ચાલુ કાર્યક્રમ વખતે સ્ટેડીયમમાં જો કોઇ પણ તકલીફ પડી હોય તો દરગુજર કરશોજી. તે અંગે શ્રી પંચોલી સેવા સમાજ સુરત સમગ્ર હાજર રહેલ જ્ઞાતિજનોની ક્ષમા ચાહે છે. ફરી ફરી આવો જ સાથ સહકાર આપશો એવી જ આશામાં...

## ભાવ - પ્રતિભાવ

જેવી રીતે બધી નદીઓ સાગરમાં મળે અને મહાસાગર બને તેવી જ રીતે બધા જ એકમો મળે અને બને અધિવેશન અને તેમાં પણ આ તો ગોલ્ડન જ્યુબિલી અધિવેશન પછી તો પૂછવું જ શું ? સુરતના બધા કાર્યકરોની મહિનાઓની મહેનત રંગ લાવ્યા વિના રહે ! પણ જેમ ચાંદમાં ડાઘ છે તેમ એક જ અવ્યવસ્થા સર્જાય ગઇ અને તે ભોજન વખતની અવ્યવસ્થા , જે કદાચ નિવારી શકાય હોત, ખેર તે છતાં ખૂબ ખૂબ અભિનંદન . પંચ અને એકમનું મિલન થયું એટલે જાણે સોનામાં સુગંધ ભળી.

શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી–પ્રમુખ પંચોલી મહિલા મંડળ , બીલીમોરા.

ખૂબ ખૂબ સુંદર કદાચ આવું ભવ્ય અધિવેશન આપણા સમાજ માં ફરી શક્ય નથી. વધુમાં સુરત એકમનો સુવર્ણ જયંતિ મહોત્સવ અને પંચોલી સેવા સમાજ મહામંડળનું સુવર્ણજયંતિ અધિવેશન બન્ને એક સાથે ! કેવો સુંદર મેળાપ ! બીજા કોઇ શબ્દો નહિં, બસ ફક્ત એક જ શબ્દ 'મજા આવી ગઇ'. ખરેખર સુરત એકમના કાર્યકરોની મહિનાઓથી કરેલી મહેનતનું જ આ પરિણામ છે. સાથે અધુરામાં પુરું પંચોલી સમાજ સુરતનું સુરત પંચોલી પંચમાં વિલિનીકરણ ! આને કહેવાય સોને પે સુહાગા . પોતાના થી જ શરૂઆત કરી સાબિતી આપી દીધી 'હમ પંચોલી એક હૈ' જય પંચોલી સમાજ.

કિશોરભાઇ નારણદાસ મિસ્ત્રી – પ્રમુખ બીલીમોરા એકમ

સુવર્ણ જયંતિ અધિવેશનમાં સુરત એકમની મહેનત દેખાતી હતી. એક વર્ષની મહેનત હોય અને એક દિવસનો પોગ્રામ કરવાનો હોય એમાં અગવડ-સગવડ હોય શકે છે. સમયના બદલાતા પ્રવાહ સાથેનું અધિવેશન સુંદર ! પરજ્ઞાતિમાં પરણેલ દિકરીને અધિવેશનમાં બોલાવવી હિંમત અને સમજદારીનું પગલું કહેવાય...અભિનંદન

નિતીન એમ. ગાંધી–ઉપપ્રમુખ વ્યારા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું અધિવેશન અને સુરત એકમનો સુવર્ણ જયંતિ મહોત્સવ અવિસ્મરણીય. સ્થળની ભવ્યતા, સાંસ્કૃતિક પોગ્રામનું ઉંચુ સ્તર, આધુનિક ટેકનીકનો મહત્તમ ઉપયોગ અને એનાઉન્સરની ચિત્તાકર્ષક શૈલી જોતા 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું અધિવેશન રહ્યું. પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જર અને તેમની ટીમના કાર્યકર્તાઓ અને સહાય કર્તાઓને જેટલા અભિનંદન આપીએ એ...ઓછા છે...

હેમલતાબેન છાપાવાલા–પ્રમુખ–મહિલા મંડળ સુરત

શ્રી પંચોલી સેવા સમાજ સુરત દ્વારા આયોજીત સુવર્ણ જયંતિ અધિવેશન અને સુવર્ણ જયંતિ મહોત્સવ ઇનડોર સ્ટેડીયમ ખાતે એક યાદગાર અને અનેરો ઉત્સવ રહ્યો. સંદર વ્યવસ્થા, સુંદર સાંસ્કૃતિક પોગ્રામ, કરવા બદલ પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જર અને તેની પુરી ટીમને અભિનંદન

મનિષા ધર્મેશભાઇ પંચોલી–મંત્રી–મહિલામંડળ સુરત

સુવર્ણ જયંતિ અધિવેશન ભવ્ય અને ભપકાદાર રહ્યું. બાળકો-યુવકો-યુવતિઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી રસતરબોળ કરી દીધા.. સુરત અને અન્ય એકમોના કાર્યક્રમો પ્રસંશનીય રહ્યા. એરકંડિશન સાથેના ઇનડોર સ્ટેડીયમમાં સંગીત સાથેના કાર્યક્રમો સફળ રહ્યા....સૌને અભિનંદન.

મહામંડળનું અધિવેશન છે, અધિવેશન એ અનેરો ઉત્સવ છે. મહામંડળના પ્રમુખ-મંત્રી આમંત્રક છે. છતાં પૂર્વ પ્રમુખોને આમંત્રણમાંથી બાકાત રાખ્યા..દશાબ્દિ અધિવેશન દરમ્યાન પૂર્વ પ્રમુખોને બહુમાન અને સન્માન અને આ સુવર્ણ જયંતિ અધિવેશને રામાયણનું સુવર્ણમૃગની યાદ અપાવી ગઇ..

ડો. સૂર્યકાંત પંચોલી–માજીપ્રમુખ–મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું સુવર્ણ જયંતિ અધિવેશન, સુરત સમાજનો સુવર્ણ જયંતિ મહોત્સવ, પંચોલી નવયુગનો સુવર્ણ જયંતિ દિપોત્સવી અંક આમ ત્રિવેણી સંગમ તાપી કિનારે રચાયો. તમામ કાર્યકરોએ ઐતિહાસિક અધિવેશનને યાદગાર બનાવવા કોઇ કચાશ રાખી ન હતી. સુરતનું જમણ યુકિત સાર્થક કરતો વાનગીનો રસથાળ..વિવિધ એકમોની રંગારંગ કૃતિઓ ટીવીના એવોર્ડ ફંકશનની ઝાંખી કરાવી ગઇ. વિવિધ એકમના સુકાનીઓની સેવાઓ, પીઢ અનુભવી કાર્યકરો સાથે યુવા શકિત પણ જોડાતી રહી. અનુભવીઓની આંખ અને યુવા શકિતની પાંખ' સુવર્ણ જયંતિ અધિવેશનના નેપથ્યે વિદ્યમાન છે. અત્યાર સુધીના તમામ અધિવેશનોમાં પૂર્વપ્રમુખ-મંત્રીઓને આમંત્રણ, અધિવેશનમાં સ્થાન અને માન જાળવવાની પ્રણાલીનું પાલન થતું આવ્યું છે. આ અધિવેશનમાં આમ ન થવાનું કારણ

આયોજકોની શરતચૂક હશે ?

**રમેશભાઇ એન. પંચોલી–માજીપ્રમુખ મહામંડળ**

મહામંડળની સુવર્ણ જયંતિ સ્મરણયાત્રા લેખ વાંચીને અભિભૂત થઇ જવાયું. મહામંડળમાં શરૂઆતથી જ સંપર્ક હોવાથી નજર સમક્ષ મહામંડળના પ્રસંગો સ્મરણપટ પરથી પસાર થઇ ગયા.

મહામંડળ દ્વારા સુવર્ણ જયંતિ પ્રસંગે આમંત્રણ ન મળતા રંજ અનુભવાયો...કદાચ કાર્યકર્તાઓની વ્યસ્તતાને લીધે આમ બન્યુ હોઇ શકે ? ? ?

**જય પંચોલી–મહામંડળ માજી પ્રમુખ–અમદાવાદ**

૨૩ ડિસેમ્બર-૧૨ના રોજ સુરત મુકામે ઇનડોર સ્ટેડીયમમાં પંચોલી સમાજનો મહાકુંભમેળો યોજાય ગયો. મહામંડળ અને સુરત જ્ઞાતિપંચના સુવર્ણ જયંતિ મહોત્સવને અનુરૂપ આયોજન હતું.

ઉદ્ઘાટન પ્રસંગ સમયસર, વ્યવસ્થિત અને સંક્ષિપ્તમાં થયો. દરેક એકમના યુવક-યુવતિઓનો સ્ટેજ પરફોર્મન્સ, વેશભૂષા, મ્યુઝીક-સાઉન્ડ, કૃતિઓનું સીલેકશન દાદ માગી લે એવા હતાં. બેટી બચાવો થીમ, રેડીયમ શો, નવદુર્ગામાની નવ સ્વરૂપોની ઝાંખી સાથે મહિસાસુર વધનું દ્રશ્ય, ગોધરાકાંડ પછીનો શાંતિ સંદેશ અને વંદેમાતરમ, ગણદેવી, બારડોલી, બીલીમોરા, સુરત, મુંબઇ, અંકલેશ્વર એકમોના પોગ્રામો પ્રસંશનીય રહ્યાં.

ચિંતન શિબીરમાં નકકી થયા મુજબનું થીમ સોંગ 'હમ પંચોલી હૈ' જબુગામના નટુભાઇની રચના, ધર્મેન્દ્રભાઇ પંચોલીના સ્વરાંકન સાથે ધવલભાઇ પંચોલીના દશ્યાંકન સાથે રજુ થયું..જેવી રીતે રાષ્ટ્ર ગીતને માન આપીએ છીએ એવું જ આપણું આ ગીત છે... આપણી દરેક મિટીંગની શરૂઆત આનાથી થવી જોઇએ.

બ્લડપ્રેશર, ડાયાબીટીશ કેમ્પનાં રીઝલ્ટ ચોંકી જવાય એવા હતાં. જેમનું પ્રેસર અને સુગર કંટ્રોલમાં નથી તેમણે ચેતી જવાની જરૂર છે.. અપરણિતોના પરિચય મેળા અંગે ફરીથી વિચારણા સાથેનું આયોજન જરૂરી છે. સ્વાદિષ્ટ ભોજન અને સ્વાદિષ્ટ નાસ્તો હોવા છતાં થોડી અવ્યવસ્થા થયેલ પરંતુ આટલા મોટા આયોજન અને લીમીટેડ જગ્યાને લીધે ક્ષમ્ય છે. આટલા ભવ્ય અને સફળ અધિવેશનના આયોજન બદલ શ્રી ગિરીશચંદ્ર અને હેમંતભાઇની ટીમને અભિનંદન

**ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી–અંકલેશ્વર**



# સમાજ પિતા - સી.ટી.મિસ્ત્રી

શ્રી છગનભાઇ ત્રિભોવનદાસ મિસ્ત્રી સાથે પ્રથમ મુલાકાત વડોદરા મુકામે કલાભવનમાં સિવીલ એન્જીનીયરનો અભ્યાસ કરતા હતા ત્યારે થઇ. હું વડોદરાથી સાવ અજાણ હતો. તેઓ તેમના નાના ભાઇ સ્વ. વેણીભાઇ તથા જ્ઞાતિના બીજા સભ્યો સાથે વડોદરા રહેતા હતાં હું વડોદરાથી અજાણ હોવાથી એમની સાથે રહેવાની વ્યવસ્થા કરી આપી અને એમણે વડોદરા શહેરની મુલાકાત કરાવી હતી. તેઓ પહેલેથી જ હતા દરિયાદિલ...

સુરત જીલ્લાના કઠોર ગામમાં નહેર કોલોનીમાં ડેપ્યુટી અધિકારી હતાં. ૧૯૬૨માં સુરત જિલ્લામાં ભયંકર રેલ આવી અને એની અસર કઠોરગામ અને ત્યાંની નહેર પર પડતી હતી. અર્ધુ કઠોર ગામ પાણીમાં હતું. નહેરના દરવાજા ખોલવામાં આવે તો પાણી કંટ્રોલમાં આવી શકે... નહેરના દરવાજા પણ પાણીમાં ડુબેલા હતાં. તેમણે જિંદગી હોડમાં મુકી છાતી સમાણા પાણીમાં ઉતરી નહેરના દરવાજા ખોલી નાખ્યા અને કઠોર ગામમાં અને નહેરમાં ભરાયેલ પાણી નિકળી ગયા અને ગામ અને નહેરને બચાવી લીધા....

વર્ષો બાદ તેમની મુંબઇ બદલી થઇ અને હું પણ તે વખતે મુંબઇમાં હતો.. ત્યાં બીજા મિત્રો સાથે પંચોલી સેવા સમાજ, મુંબઇની સ્થાપના કરી અને થોડા સમય બાદ બીજા મિત્રો મળી પંચોલી સેવા સમાજ મહામંડળની સ્થાપના કરી...અને મહામંડળ રચી જ્ઞાતિજનોને એકસુત્રે બાંધ્યા..

પહેલેથી જ સમાજ પ્રત્યે અને જ્ઞાતિ પ્રત્યેની લાગણીથી તેઓ સાચા અર્થમાં સમાજ પિતા બની શકયા છે... પિતાને મન દરેક છોકરા પ્રત્યે પ્રેમ હોય છે.. એ એમનામાં હતો... કઠોરની પ્રજા અને સમગ્ર પંચોલી સમાજ માટેનો પ્રેમ જાયો... આવી ભવ્ય સમાજ માટેની સેવાવૃત્તી જોઇને તેમને સમાજપિતાનું બિરુદ અર્પણ કર્યુ. તેઓની બદલી અંકલેશ્વર થઇ. વર્ષો બાદ તેમનું અવસાન થતા પંચોલી સમાજે સારા કાર્યકર્તા ગુમાવ્યા. તેઓ સમાજમાં

**શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીવા ડાઇનીગ સર્વિસ વ્યારા**

સી.ટી.મિસ્ત્રીના હુલામણા નામથી જાણીતા હતાં. તેમના મૃત્યુ બાદ તેમના કાર્યો ચિરંજીવી બને એ માટે એમની સ્મૃતિમાં સી.ટી.સ્મારક નિધિની સ્થાપના કરવામાં આવી. જેનો લાભ શૈક્ષણિકક્ષેત્રે સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનો લે છે...

ભગવાનદાસ મકનજી મિસ્ત્રી-માજી તંત્રી

## શ્રી પંચોલી સમાજની વાડી-સંખેડા

# જાહેર અપીલ

સ્નેહી જ્ઞાતિજનો

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના તમામ એકમો તથા જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવે છે કે પંચોલી સમાજ-સંખેડાની વાડી હાલના તબકકે જુની અને અતિ જર્જરીત હાલતમાં છે. વાડીના આગળના બાંધકામનો ખર્ચ અંદાજીત રૂા. ૧૧,૦૦,૦૦૦/- નો છે. જેમાં મોટો હોલ, બે રૂમ, રસોડું, સંડાસ-બાથરૂમ તેમજ મેડા પર કોમન હોલના બાંધકામનું આયોજન કરેલ છે

પંચોલી સમાજ સંખેડા પાસે ૧,૭૦,૦૦૦/-નું ફંડ ભેગુ થયેલ છે. બાકીની રકમ માટે સંખેડા એકમ સક્ષમ નથી તો દરેક એકમોને તથા દેશ-વિદેશમાં વસતાં પંચોલી સમાજના જ્ઞાતિજનોને જણાવવાનું કે ઉદાર હાથે દાન આપી તેમજ અપાવી અમારા આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા નમ્ર અપીલ કરવામાં આવે છે..જેમાં

❖ રૂા. ૧,૧૧,૧૧૧/-આપનાર દાતાનું નામ તથા ફોટો મેડા પરના કોમન હોલ માટેના બાંધકામના અર્પણકર્તા તરીકે મુકવામાં આવશે.

❖ રૂા. ૨૧,૦૦૧/-આપનાર દાતાના નામની તકતી મુકવામાં આવશે.

❖ રૂા. ૧૧,૦૦૧/- આપનાર દાતાનું નામ દાતાની તકતીની યાદીમાં લખવામાં આવશે.

❖ રૂા. ૫,૦૦૧/- આપનાર દાતાનું નામ દાતાની તકતીની યાદીમાં લખવામાં આવશે.

વાડીના જીર્ણોદ્ધારમાં દાન આપનાર દાતાઓ....

રૂા. ૫૧,૦૦૦/- શ્રીમતિ નિરંજનાબેન તથા શ્રી ગોવિંદલાલ છોટાલાલ પંચોલી તરફથી હોલ માટે

રૂા. ૧૧,૧૧૧/- સ્વ. શૈલેષભાઇ અંબાલાલ પંચોલી પરિવારજનો તરફથી

રૂા.૫,૦૦૧/- ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી લેસ્ટર

રૂા. ૧,૫૦૧/- સ્વ. હિતેશભાઇ ધનસુખભાઇ પંચોલી-સુરત હસ્તે ચિંતનભાઇ

રૂા. ૩,૩૩૩/- સ્વ. મપારા શારદાબેન સુરેશચંદ્ર પંચોલી -વડોદરા (બહાદરપુર)

રૂા. ૧૧,૧૧૧/- શ્રી કિશનલાલ અંબાલાલ પંચોલી -સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી જયંતિલાલ શનાભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી પ્રવિણચંદ્ર કાંતિભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી મહેશભાઇ શનાભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી જયદીપ ચંપકભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૫૧,૦૦૦/- ચંદનબેન કેશવલાલ પંચોલી-બોડેલી હસ્તે શ્રીમતિ નયનાબેન તથા ગોપાલભાઇ શનાભાઇ પંચોલી

રૂા. ૧૧,૧૧૧/- શ્રી પ્રજ્ઞેશકુમાર જયપ્રકાશ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી ગોવિંદલાલ નાનાલાલ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી પ્રકાશચંદ્ર ડાહ્યાલાલ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- શ્રી ઠાકોરભાઇ નટવરભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૧૦,૦૦૧/- શ્રી નરેન્દ્રભાઇ ચંપકલાલ પંચોલી-સંખેડા

રૂા. ૭,૧૧૧/- શ્રી અશોકભાઇ જેઠાભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૫,૦૦૧/- શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ પંચોલી-સંખેડા

રૂા. ૩,૩૩૩/- શ્રી હેમંતભાઇ ત્રિભોવનદાસ પંચોલી-સંખેડા

રૂા. ૧૧,૧૧૧/- સ્વ. પ્રવિણલાલ મોહનલાલ પંચોલી-સંખેડ

રૂા. ૩,૩૩૩/- શ્રી ઠાકોરભાઇ નટવરભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૨,૫૦૧/- શ્રી જયેશભાઇ હસમુખભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૨,૫૦૧/- શ્રી દિલીપભાઇ બાબુભાઇ પંચોલી-સંખેડા

રૂા. ૨,૫૦૧/- શ્રી અશોકભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી-સંખેડા

તથા રૂા. ૫૦૧/- કંચનલાલ વિઠ્ઠલદાસ પંચોલી તરફથી સુપુત્રના લગ્ન નિમિત્તે. રૂા. ૫૦૧/-વડોદરા(છોટાઉદેપુર) જીતેન્દ્રભાઇ જીવણલાલ પંચોલી તરફથી મોસાળા નિમિત્તે....

વાડીના દાન માટે સંપર્ક

શ્રી ચંદ્રકાંતભાઇ સી. પંચોલી-પ્રમુખ-૯૦૯૯૮ ૧૨૯૯૨

શ્રી અશ્વિનભાઇ એમ. પંચોલી-ઉપપ્રમુખ-૯૮૨૫૫ ૪૩૩૩૧

શ્રી દિલીપભાઇ બી. પંચોલી-મંત્રી-૯૭૨૭૯ ૩૩૯૯૫

શ્રી અશોકભાઇ જે. પંચોલી-સહમંત્રી-૯૮૨૫૫ ૪૩૮૪૮

શ્રી કિશનભાઇ એ. પંચોલી-મહામંડળના માજી ઉપપ્રમુખ મો. : ૯૩૨૮૨ ૧૧૫૨૮

આપનું દાન નીચેના એકાઉન્ટ નંબરમાં પણ જમા કરાવી શકો છો.... બેન્ક ઓફ બરોડા-સંખેડા શાખા.

એકાઉન્ટ નંબર : ૦૨૧૫૦૧૦૦૦૦૩૯૫૯

શ્રી ગોપાળભાઇ અં. પંચોલી શ્રી અશ્વિનભાઇ મુ. પંચોલી

# આપણી વેબ સાઈટ

આજના જમાનામાં ઈલેકટ્રોનિક મીડીયાનું મહત્વ અનેક ઘણું છે. જેના દ્વારા આપણે જે માહિતીની જરૂર હોય તે આપણાં ઘરમાં કે ઓફિસમાં બેઠા બેઠા મેળવી શકીએ છીએ..અને તે પણ કોઈપણ સમયે.પરંતુ તે માટેની જે તે માહિતી વેબ સાઇટ પર હોવી જરૂરી અને આવશ્યક છે.

મિત્રો આપણે પણ આપણી વેબ સાઇટ પરથી સમાજની જે માહિતી ઇચ્છીએ તે મેળવી શકીએ છીએ. આપણું ઇ-નવયુગ જેવું ઉદાહરણ બીજુ કયું હોય શકે ? આપણે દર મહિને વેબ સાઇટની મદદથી નવયુગ કલરીંગમાં નિહાળી શકીએ છીએ.. એ ઇલેકટ્રોનિકસ મીડીયાની કમાલ છે. આપણે ઇચ્છીએ તો તમામ જ્ઞાતિજનોની વિગતો બે સાઇટ દ્વારા મેળવી શકીએ છીએ.સમાજમાં થતાં કે થનાર તમામ પોગ્રામો સમાજનો સળગતો અને એકદમ જરૂરીઆતવાળો પ્રશ્ન એટલે આપણા પુત્ર-પુત્રીઓ માટે જીવનસાથી મેળવવાનો. આપણે તથા દરેક એકમના પ્રમુખ/મંત્રી પરણવા લાયક યુવક - યુવતીના બાયો ડેટા આપણી વેબ સાઇટ પર મુકીને આ પ્રશ્નનું નિરાકરણ મહદ અંશે લાવી શકીએ..આપણે કોર્મશીયલ મેટરોમોનીયલ સાઇટ પર આપણાં પુત્ર-પુત્રીના નામ રજીસ્ટર કરાવતા હોઇએ તો આપણાં સમાજની વેબ સાઇટ પર કેમ નહી ? ? ?

અમારી તમામ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપના પરણવા લાયક પુત્ર-પુત્રીઓના બાયોડેટા કોઇપણ હીચકિચાટ વિના તુરંત અમોને મોકલી આપો તો આપના પુત્ર-પુત્રીને ધારેલા અને યોગ્ય જીવનસાથી મેળવી શકો છો..

એક ખુબ જ દુઃખની વાત છે કે વારંવાર રૂબરૂ, ફોન દ્વારા કે નવયુગ દ્વારા વિનંતી અને અપીલ કરવા છતાં હજી પણ ઘણાં એકમો સક્ષમ હોવા છતાં તેઓ તરફથી મેમ્બરોના ડેટા મોકલવામાં આવતા નથી આથી જે કોઇ જ્ઞાતિજનો અમોને ડાયરેકટ ડેટા મોકલશે તે અમો અપલોડ કરી દઇશું. અને અમોએ એ મુજબનું કાર્ય શરૂ પણ કરી દીધું છે. આપના ઘરના સભ્યના ડેટા વેબ પર મુકવા માટે ડાયરેકટ વેબ સાઇટ એડમીન શ્રી હેમંત સી. મિસ્ત્રી અથવા ધવલભાઇ પંચોલીને આપના ડેટા મોકલી શકો છો. બન્ને હોદ્દેદારોના ઇમેલ આઇ.ડી નીચે આપેલા છે.

આપનું એકમ અને આપ સૌ પણ ઇચ્છો તો આપ જાતે પણ તમારા ડેટા, માય સીટી પેજ પર તમારા એકમના સમાચારો, મિટીંગના એજન્ડા, અહેવાલો, જાહેરાત વિગેરે જો ઓડીટ કે અપલોડ કરી શકો છો.. શું તમે આવું ઇચ્છો છો...? અમો વેબ સાઇટને રીનોવેટ કરવા જઇ રહ્યા છીએ જેથી આપને સમાજની દરેક માહિતીઓ અને વધુ ફેસીલીટી ઘર બેઠા ઉપલબ્ધ કરાવી શકીએ. આ માટે અગાઉ પણ સમાજના રસ ધરાવતા જ્ઞાતિજનો પાસે સુચનો મંગાવ્યા હતાં. આપ હજી પણ આપના ક્રિએટીવ, ઇનોવેટીવ સુચનો મોકલી વેબસાઇટના રીનોવેશનમાં અગત્યનું યોગદાન આપી શકો છો. તો જે જે એકમોના ડેટા બાકી છે તેઓને અપલોડ કરવા અને આપ સૌને સુચનો મોકલવા આગ્રહભરી વિનંતી છે. આપનો ડેટા નીચેના ઈમેલ પર મોકલો.

હેમંત મિસ્ત્રી : hemmistry@gmail.com

ધવલ પંચોલી : dpancholi@yahoo.com

## અનુકરણીય

**સુવર્ણ જયંતિ અધિવેશન પ્રસંગે**
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**સંલગ્ન સંસ્થા**
**તબીબી સેવા સંકુલને મળેલ દાન**

**શ્રીમતિ ઉર્મિલાબેન કેશવભાઈ મિસ્ત્રી** તરફથી
શૈક્ષણિક સહાય માટે રૂા. ૫૧,૧૧૧/-
(અંકે રૂપિયા એકાવન હજાર એકસો અગીયાર)
વ્યાજ વપરાશ ફંડ તરીકે મળ્યા છે.

અજરાઇ નિવાસી **સ્વ. કમળાબેન અને સ્વ. મોહનલાલ ડાહ્યાભાઈ મિસ્ત્રી**ના સ્મરણાર્થે રૂા. ૧૧,૫૧૧/- અંકે રૂપિયા અગીયાર હજાર પાંચસો અગિયાર પુરાનું દાન મળ્યું છે.

હસ્તક : શ્રી યોગેશભાઈ મોહનલાલ મિસ્ત્રી-સુરત
શ્રી દિલીપભાઈ મોહનલાલ મિસ્ત્રી
શ્રી કિશોરભાઈ મોહનલાલ મિસ્ત્રી

દાતાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

શ્રી દિપકભાઇ એસ. ગાંધી
અધ્યક્ષ

શ્રી અશ્વિનભાઇ એમ. પંચોલી
મંત્રી

તબીબી સેવા સંકુલ

ॐ શ્રી ગણેશાય નમઃ ॥

# ચતુર્થ પૂણ્યતિથિએ શ્રદ્ધાંસુમન



## સ્વ. યોગેશચંદ્ર બાબુભાઈ પંચોલી

જન્મ : ૧.૪.૧૯૪૫ અવસાન : ૨૨.૨.૨૦૦૯

સૌને છોડી ગયા ને મીઠી યાદો મુકી ગયા, જિંદગી છોડીને ગયા અને
જિંદગી જીવવાનું શીખવી ગયા.. દુઃખથી કદી હાર્યા નથી અને સુખથી કદી છલકાયા નથી.
નથી હયાત પણ સાથે જ છે, ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં પ્રત્યક્ષ તમારા દર્શન થયા કરે છે. તમારા અથાગ પરિશ્રમ દ્વારા સાંપડેલી
પ્રગતિ, રિદ્ધિ-સિદ્ધિ અને જીવનભરના શ્રમયજ્ઞની ફલસિદ્ધિ માટે તમારા સદાય ઋણી છીએ..
એવા અમારા પરમ પૂજ્ય પિતાશ્રીને અમો અંતરથી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

### અર્પણકર્તા

ગં.સ્વ. ભદ્રાબેન યોગેશભાઇ પંચોલી

તેજસ વાય. પંચોલી
દીપાલી તેજસ પંચોલી
ચિ. કર્ણવ - ચિ. માલવ
CANADA
001 416 609 0895

ભાવિન વાય. પંચોલી
નેહા બી. પંચોલી
ચિ. વંશ
૧૨-એ, વાત્સલ્ય એપાર્ટ.
ઇન્દ્રપ્રસ્થ સામે, થલતેજ,અમદાવાદ
૦૭૯-૨૭૪૬૨૨૫૬

કશ્યપ વી. મપારા
કાજલ કે. મપારા
ચિ. દેવાંશ
ગોલ્ડ બી.૭૦૧,
સમૃધ્ધી રેસીડન્સી,

## લગ્નજીવનની ૨૫મી એનીવર્સરીએ હાર્દિક શુભેચ્છાઓ.



શ્રી કનુભાઈ હિંમતલાલ પંચોલી
શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
મેરેજ તા. : ૨૦.૨.૮૮

**શુભેચ્છક**

ચંપકલાલ ખુશાલદાસ પંચોલી
શ્રીમતિ શારદાબેન ચંપકલાલ પંચોલી
ભરતકુમાર ચંપકલાલ પંચોલી
આનંદીબેન ભરતભાઈ પંચોલી
ચિ. નિધિ -ચિ. પલક
'કૈવલકૃપા' સ્નેહકુંજ સોસાયટી, વ્યારા.
જિ. તાપી ૩૯૪ ૬૫૦
ફોન : (૦૨૬૨૬) ૨૨૧૦૦૪, ૨૦૦૪૩૫

હરીશકુમાર ચંપકલાલ પંચોલી(યુ.કે)
રેખાબેન હરીશભાઈ પંચોલી (યુ.કે)
અલ્પા નિતેશકુમાર મોઢ(યુ.કે)
નિતેશકુમાર એન. મોઢ(યુ.કે)
ભાવિક હરીશકુમાર પંચોલી (યુ.કે)

## લગ્નજીવનની ૨૫મી એનીવર્સરીએ હાર્દિક શુભેચ્છાઓ.



શ્રી કનુભાઈ હિંમતલાલ પંચોલી
શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
મેરેજ તા. : ૨૦.૨.૮૮

**શુભેચ્છક**

શ્રી હિંમતલાલ મોહનલાલ પંચોલી
શ્રીમતિ મધુબેન હિંમતલાલ પંચોલી
ચિ. પાર્થ કનુભાઇ પંચોલી
શ્રી ચિરાગકુમાર વિજયકુમાર મપારા
શ્રીમતિ શ્રુતિબેન ચિરાગકુમાર મપારા

તારાપુર રોડ, હાઈસ્કૂલ સામે,
મુ.પો.તા. પાવી-જેતપુર જિ. વડોદરા ૩૯૧ ૧૬૦
ફોન : ૦૨૬૬૪-૨૪૨૮૪૮



Ankur - Chaitali
DATED ON 19-JAN-2013

# Best wishes

*From,*
S/o. Shri Ravindra M Mistry
Smt Mayuri R Mistry
Tushar R Mistry
Krupa T Mistry
D-402, Shiv Residency,
Shankar Nagar,
Palanpur Patiya, Surat.

G.Sv.Savitaben M Pancholi
D/o.Shri Sundarlal M Pancholi
Smt Nita S Pancholi
Jeki S Pancholi

85-Shrinath Vihar soc,
Vaghodiya Rd, Baroda.

---

# સ્નેહ સ્મરણાંજલી



**પૂ. પિતાશ્રી મગનલાલ હરીભાઈ પંચોળી-ગડત**
**માતુશ્રી જમનાબેન મગનભાઈ પંચોળી**

જન્મ : વિક્રમ સં. ૧૯૭૦ પોષવદ ૧૩, શનિવાર તા. ૨૪.૧.૧૯૧૪
૧૦૦મી જન્મ જયંતિ વિક્રમ સં. ૨૦૬૯, પોષવદ ૧૩, શુક્રવાર તા. ૮.૨.૨૦૧૩

નિમિત્તે આપનાં જયેષ્ઠ પુત્ર દિપકલાલ
તથા સૌ ભાઇ ભાંડુઓ તથા સમગ્ર પરિવારની સ્નેહ સ્મરણાંજલી
૧૦, શુભેચ્છા, ગુજરાત બૉર્ડ કૉલોની, ચીખલી રૉડ, બીલીમૉરા(પૂર્વ) ૩૯૬ ૩૨૧
મૉ. : ૦૯૮૭૯૧ ૪૨૮૧૪

## હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. કૃષ્ણકાંત મણીલાલ ગજ્જર**
જન્મ : તા. ૨૭-૭-૧૯૪૬
સ્વર્ગવાસ તા. ૫-૧-2013

હે નાથ જોડી હાથ, પ્રેમથી સહુ માંગીએ
શરણું મળે સાચુ તમારું, એ હૃદયથી માંગીએ..
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો.
